# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

વર્ષ ૧ : અંક ૭ ● સં. ૨૦૫૮, ભાદરવા વદ ૯, મંગળવાર, તા. ૧ ઑક્ટોબર, ૨૦૦૨

# તિથિચર્ચા : મરેલા ઘોડાને ક્યાં સુધી ચાબુક ફટકારે રાખીશું?

જૈનધર્મના કેટલાક આચાર્યો મુંબઈમાં ''તિથિચર્ચાને ઉકેલી નાખવા માટે'' ભેગા થયા હતા તેવા હેવાલો પ્રસારિત થયા છે. મુંબઈના નાક સમા ગણાતા શ્રી ગોડીજી દેરાસરમાં આ મીટિંગ થઈ હોવાનું કહેવાય છે.

આજકાલ કરતાં કેટલાં વરસ થયાં તે તો ભગવાન જાણે, પણ કેટલાયે દાયકાઓથી આ પ્રશ્ન આ કે તે પક્ષના જૈનાચાર્યો વચ્ચે અટવાયા કરે છે એ હકીકત છે. તિથિચર્ચાના અસલી સ્થંભ જેવા પૂજ્યપાદ આચાર્ય શ્રીસાગરાનંદસૂરિજી મહારાજ અને પૂજ્યપાદ આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજી મહારાજથી પણ જે ન થઈ શક્યું તે કરવાનો આ એક પ્રયત્ન હોય તો આ પ્રયત્ન મિથ્યા છે, કવેળાનો છે અને જૈનોને સંપૂર્ણપણે ગેરમાર્ગે દોરનારો છે.

દુનિયાનો ચોખ્ખો નિયમ છે કે જેની સાથે વાંધો હોય તેને સાથે બેસાડ્યા વિના કોઈ પણ પ્રશ્નનો નિકાલ લાવી શકાતો નથી. 'એક તિથિ' તરીકે ઓળખાતા પક્ષની વાત કરીએ તો તેની માટે, પૂજ્યપાદ આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજી મહારાજ સમ્મત તિથિ આરાધનારો પક્ષ એ સામો પક્ષ ગણાય. જો એમના સિદ્ધાંતો સામે વાંધો હોય તો તેમના પરિવારના જવાબદાર આચાર્યોને સાથે રાખ્યા સિવાય તિથિચર્ચાનો ઉકેલ કેવી રીતે આવી શકે? અગાઉ પણ આવા પ્રયત્નો થયા છે ત્યારે સરવાળે તો શ્રી સંઘને લાભને બદલે હાનિ જ થઈ છે.

અમદાવાદનું કહેવાતું મુનિ સમ્મેલન મળ્યું ત્યારે પૂજ્યપાદ આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજી મહારાજ વિદ્યમાન હતા. એ વખતે પણ જે થયું તેમાં તેમને બાજુ પર રાખીને જે નિર્ણયો લેવાયા તેથી જૈનધર્મને કોઈ જ લાભ થયો નથી અને તિથિના પ્રશ્નનો કાયમી ઉકેલ આવ્યો નથી. તિથિચર્ચાનો પ્રશ્ન પતી ગયો છે તેમ જે કહેવાતું હતું તેનો પરપોટો ફૂટી ગયો છે. કૉંગ્રેસ અને બીજેપીના મતભેદો મટી જાય અને આ બે સામસામે ગણાતા રાજકીય પક્ષો કદાચ એકબીજામાં વિલીન થઈ જાય એવો ચમત્કાર ભારતમાં જરૂર બની શકે, પણ જૈનોમાં તિથિના પ્રશ્ન ઉપર પૂર્ણવિરામ મૂકાઈ જાય તે તદ્દન અસંભવ છે. આવાં સપનાં જોવાં તે દિવાસ્વપ્નથી વિશેષ કંઈ નથી. 'અમે તિથિનો પ્રશ્ન કેવો ચપટી વગાડતાં ઉકેલી નાખ્યો' એવા ફડાકામાં રાચનારા કેટલાક છોકરમતીયા મુનિવરો અંદરથી પોક મૂકીને રડવાની હાલતમાં મુકાઈ ગયા છે, પણ શું થાય, હા કહે તો હાથ કપાય અને ના કહે તો નાક કપાય!

અમદાવાદમાં કહેવાતું મુનિસમ્મેલન મળ્યું ત્યારે સ્પષ્ટ કરાયું હતું કે એ સમ્મેલન તિથિચર્ચાના નીવેડા માટે નથી પરંતુ જૈન સમાજના અન્ય કેટલાક પ્રશ્નો માટે છે. એમાં મહેતો મારે નહીં અને ભણાવે નહીં તેવા ગોળ ગોળ ઠરાવો થયા. નરો વા કુંજરો વા કરીને બધા છૂટા પડે એ કરતાં કંઈક નક્કર કામ થયું છે તે બતાવવા માટે અચાનક કેટલાક ગુપ્ત એજંડાવાળાઓ સક્રિય થઈ ગયા અને તિથિ અંગે આદેશાત્મક ઠરાવ જાહેર કરી દીધો. વેટિકનના પોપે કોઈક જમાનામાં દુનિયાને બે ભાગમાં વહેંચીને એક ખંડ આલિયાને અને બીજો ખંડ માલિયાને આપી જ દીધો હતો ને!

એક મુદ્દો સ્વસ્થતાથી વિચારીએ તો આ તથાકથિત મુનિસમ્મેલન મળ્યું ત્યારે તિથિની આરાધનાની સ્થિતિ કેવી હતી? એકંદરે ખૂબ જ સંતોષકારક હતી. કેવી રીતે? એને વ્યવસ્થિત સમજીએ.

સંવત્સરી પર્વ સહિત બીજ, પાંચમ વગેરે બારે પર્વોની આરાધના સકલ સંઘમાં એક સાથે એક દિવસે જ થતી હતી. સંવત્સરી પર્વ પણ બધા પક્ષોનું એક દિવસે જ થતું હતું. માત્ર જે વરસે લૌકિક પંચાંગમાં ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિ આવતી તે વરસે જ બે સંવત્સરીઓની આરાધના થતી હતી. બાકીનાં બાર પર્વો માટે લૌકિક પંચાંગમાં ક્ષય વૃદ્ધિ થતાં ત્યારે પણ પૂજ્યપાદ આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજી મહારાજ સમ્મત પંચાંગોમાં 'એકમ બીજ ભેગાં' કે 'ચોથ પાંચમ ભેગાં' એમ દર્શાવીને પણ આરાધના તો એક દિવસે જ થતી હતી.

પૂજ્યપાદ આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજી મહારાજનો પક્ષ 'ભવિષ્યમાં સકલ સંઘ એક નિર્ણય ઉપર ન આવે ત્યાં સુધીની એક આપવાદિક આચરણા'નો ઉલ્લેખ પોતાનાં પંચાંગોમાં કરતો હતો. એટલે કે તિથિ અંગેની વર્તમાન વ્યવસ્થા એમના પક્ષને માન્ય ન હોવા છતાં એક અપવાદરૂપ કામચલાઉ વ્યવસ્થા તરીકે પણ તે પક્ષની આરાધના તો એક દિવસે જ થતી હતી. બીજો મુદ્દો એ છે કે સંવત્સરી પર્વ પણ જવલ્લે જ જૂદું પડતું હતું. દર વરસે તો કંઈ ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિ ન જ હોય ને? સંવત ૨૦૧૪ના મુનિ સમ્મેલનમાં થયેલી વ્યવસ્થા એટલી સુંદર હતી કે જે ચાલ્યું આવતું હતું તેને છંછેડવાની કોઈ જરૂર હતી જ નહીં.

પરંતુ શાસનમાં શાંતિ ફેલાવી દેવાનો જશ મેળવવાની ઘેલછાથી પીડાતા કેટલાક લોકો જે છોકરમત કરી બેઠા તેનાં કેવાં વિપરીત પરિણામો આવ્યાં તે સ્વસ્થતાથી વિચારવા જેવું છે. કહેવાતું મુનિસમ્મેલન મળ્યું તેમાં તિથિવિવાદનો મૂળ વાંધો જેમની સાથે હતો તેમને તો રીતસર બાકાત જ રાખવામાં આવ્યા હતા. ઉપરથી એમના પરિવારના મોભી જેવા કેટલાક આચાર્યાદિ મુનિવરોને અહીં લખવા નહીં ધારેલાં કારણોસર સાથે લેવામાં આવ્યા! આમ કરવાથી પ્રશ્નો ઉકલી જતા હોત તો આ શાસનમાં ક્યારનુંયે સ્વર્ગ રચાઈ ગયું હોત!

એ કથિત સમ્મેલનનાં કેવાં પરિણામો આવ્યાં? સરવાળે એ સમ્મેલન સામા પક્ષ માટે ઉશ્કેરણીરૂપ બન્યું અને જવલ્લે જ થતી અલગ સંવત્સરીની અલગ આરાધનાના બદલે બારે બાર પર્વતિથિઓ અંગે જ્યારે જ્યારે લૌકિક પંચાંગમાં ક્ષયવૃદ્ધિ આવે ત્યારે તેને વળગી રહીને તેમની માન્યતા મુજબની અલગ આરાધનાઓ થવાની ચાલુ થઈ. કહેવાતા મુનિ સમ્મેલને જો વગર જોઈતી ઊતાવળ ન કરી હોત તો આમ ન થાત અને આજે પણ તિથિના પ્રશ્ને શાંતિ જ વર્તતી હોત.

અમારી વાત કોઈને ગમે કે ન ગમે, તિથિચર્ચા એ હવે મરી ચૂકેલો ઘોડો છે. એને ચાબુક ફટકારે રાખવાનું બંધ થાય તો સારૂં.

●●●

*જૈન શાસન પ્રત્યે પોતાની ફરજ ચૂકેલા આચાર્યો, મામકાઓની પાપલીલાઓ, ભ્રષ્ટાચાર અને દુરાચારના ખદબદતા ઊકરડાઓ ઉપર સેન્ટ છાંટવાની મલિન અને ગુનાહીત વૃત્તિથી પીડાતા, શાસન પ્રત્યે બેવફા આચાર્યો અને તેમના ચમચાઓ તેમ જ જીહજૂરિયાઓથી શાસનને સૌથી પહેલાં બચાવવાની તાતી જરૂરિયાત છે. તિથિ તો એક દિવસ આમ કે તેમ થશે તો શાસન રસાતળ નહીં જાય, પરંતુ ચારિત્રનો દંભી દેખાવ કરનારા અને સ્પષ્ટ રીતે પૂરવાર થયેલા ગુનાઓ અંગે પણ 'અમારા મહારાજ તો આવું કરે જ નહીં' એવી શાહમૃગી નીતિમાં રાચનારા ગૃહસ્થો, વચેટિયાઓ અને સાધુઓથી તો શાસન જરૂર રસાતળ જશે એમાં કોઈ શંકા નથી. સૌથી પહેલી જરૂરત શાસનમાં મોટા પાયે સાફસૂફીની છે. ''તિજોરીકો ચોરોંસે નહીં, પહેરેદારોંસે ખતરા હૈ...''*

# जेण अत्ता विसुज्झेज्ज, तं नाणं जिणसासणे...

જેનાથી આત્માની વિશુદ્ધિ થાય છે તેને જ જૈનશાસનમાં જ્ઞાન કહે છે.

*વિવિધ જૈન આગમોમાંથી સંકલન : પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ*

મોહ અને આકુળતા વિનાના જ્ઞાનીઓની સર્વ પ્રવૃત્તિ આત્મશુદ્ધિ માટે જ હોય છે. ખાન-પાન, માન-પ્રતિષ્ઠા, મહત્ત્વ, અને ગૌરવની વૃદ્ધિના પ્રચ્છન્ન ઈરાદાથી આત્મશુદ્ધિના ઓઠા નીચે જે પ્રવૃત્તિ થાય છે તે ભવપરંપરાને વધારનાર અને સંસારમાં રખડાવનાર બને છે.

•

આત્મશુદ્ધિના ઉદ્દેશ્ય વિના જે વ્યક્તિ માત્ર પાંડિત્યની ખેવના કરે છે તે એવા માણસ જેવો છે જે અપંગ હોવા છતાં હજારો માઈલ ચાલવાની ખેવના કરે છે.

•

વિશુદ્ધ આત્મતત્ત્વને જાણી લેનારને વિષયો અને કષાયો ક્યારેય સતાવતા નથી.

ગધેડો ચંદનનો ભાર વહન કરે છે પણ ચંદનનો ભોગ તો ભાગ્યવાનને જ મળે છે. તે રીતે શાસ્ત્રો અને સિદ્ધાંતોનો જાણકાર તો માત્ર ક્લેશ જ પામે છે. શાસ્ત્રના રસનો આસ્વાદ તો આત્મજ્ઞાનીને જ મળે છે.

•

> *“ જ્યાં પરપદાર્થોની આસક્તિ હોય છે ત્યાં ન તપ છે, ન નિયમ છે, ન વ્રત છે. પરપદાર્થોની આસક્તિમાં માત્ર અશાંતિ, ઉદ્વેગ અને ઉપાધિ જ હોય છે. જે જ્ઞાની હોય છે તે પહેલાં પરપદાર્થોની આસક્તિમાંથી મુક્ત થવાનો જ પ્રયત્ન કરે છે. ”*

સર્વ ચારિત્રોમાં જેમ સામાયિક સમાયેલું છે તેમ સર્વ યોગોમાં અધ્યાત્મ સમાયેલું છે. જેમ સામાયિક વિનાનું ચારિત્ર હોઈ શકે નહીં, તેમ અધ્યાત્મ વિનાના યોગો હોઈ શકે નહીં.

સંયમમાં પરિણત સાધુઓ માટે ચારિત્રજીવન સ્વર્ગ સમાન છે એ જ જીવન સંયમમાં અપરિણત સાધુઓ માટે નરક સમાન છે.

•

જેની દાઢ ખેંચી લેવામાં આવી હોય એવા મહાભયંકર સાપની સામાન્ય લોકો પણ અવહેલના કરે છે તેમ ધર્મભ્રષ્ટ, ચારિત્રની શોભા વિનાના દુર્વિહિત સાધુની તો કુશીલ લોકો પણ અવહેલના કરે છે.

•

મેં શું કર્યું, હું શું કરું છું અને મારે શું કરવું જોઈએ એનું સાધુ સદા ચિંતન કરે. મારે જે કરવું જોઈએ તે શા માટે નથી કરતો તે વિચારીને તેણે પ્રમાદને દૂર કરવો જોઈએ.

## જાતિ : આગમોની નજરે

- માનવ કાર્યથી બ્રાહ્મણ થાય છે, કાર્યથી, ક્ષત્રિય થાય છે, કાર્યથી વૈશ્ય થાય છે અને કાર્યથી જ શૂદ્ર થાય છે. જન્મથી મળેલ જાતિની કોઈ વિશેષતા નથી. ઉચ્ચ જાતિના અહંકારથી અને નીચ જાતિના તિરસ્કારથી કાળાન્તરે નીચ જાતિમાં જ જન્મ મળે છે.

## ત્યાગ : આગમોની નજરે

- જે આંતરિક અને બાહ્ય સંયોગોનો ત્યાગ કરી શકે છે તે જ સાચો મુનિ બની શકે છે. માત્ર ગૃહત્યાગથી કોઈ મુનિ બની જતું નથી. બહારથી ત્યાગી બન્યો હોય પણ મન ભોગોમાં રાચતું હોય તો તે મુનિ હોવા છતાં અમુનિ જ છે.

## આગમોમાં ચારિત્રની પરિભાષા...

*અશુભમાંથી નિવૃત્ત થવું અને શુભમાં પ્રવૃત્ત થવું એ ચારિત્ર છે. વ્રત, સમિતિ, ગુપ્તિરૂપ ચારિત્રનું પાલન તે વ્યવહાર ચારિત્ર છે. આત્મસ્વરૂપમાં જ રમણતા હોવી તે નિશ્ચય ચારિત્ર છે. સંયમી તે છે જે પાપ અને પુણ્ય; એ બન્નેમાંથી મુક્ત થાય છે. સમ્યક્ ચારિત્રનો આરાધક નિર્વાણ પ્રાપ્ત કરે છે.*

❑ ❑ ❑

## યોગ્ય શિષ્ય : ભગવાન શું કહે છે?

*“જે નમ્ર હોય છે, અચપળ હોય છે, અમાયાવી હોય છે, કુતૂહલથી મુક્ત હોય છે, કોઈ ઉપર આક્ષેપો કરતો નથી, ક્રોધને ટકાવી રાખતો નથી, મૈત્રીપૂર્ણ વ્યવહાર કરે છે, જ્ઞાનનો મદ કરતો નથી, કોઈની સ્ખલના જોઈને તેનો તિરસ્કાર નથી કરતો, મિત્રો ઉપર ક્રોધ નથી કરતો, અપ્રિયતા રાખનાર મિત્રની પણ એકાંતમાં પ્રશંસા કરે છે, કલહથી દૂર રહે છે, કુલીન હોય છે, લજ્જાવાન હોય છે અને ઈન્દ્રિયોનું ગોપન કરનારો હોય છે તેવો યોગ્ય શિષ્ય જ શિક્ષણ મેળવવા પાત્ર હોય છે.”*

❑ ❑ ❑

### ભગવાનશ્રીની વચનપ્રસાદી

જીવ જ્ઞાન દ્વારા પદાર્થોની જાણકારી મેળવે છે. જીવ દર્શન દ્વારા શ્રદ્ધા પ્રાપ્ત કરે છે. જીવ ચારિત્ર દ્વારા કર્મોનો નિગ્રહ કરે છે. જીવ તપ દ્વારા આત્માને નિર્મળ કરે છે. જીવ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના સમુચ્ચય દ્વારા પૂર્વોપાર્જિત સંસ્કારોને ક્ષીણ કરીને આત્માની વિશુદ્ધિ કરીને સંસારમાંથી મુક્ત થાય છે.

# આપનો ઑક્ટોબર મહિનો કેવો જશે?

**તીર્થેશ્વર વિદ્યાલંકાર**

**મેષ** ગમતાનો વિયોગ અને અણગમતાનો સંયોગ એ આ માસની વિશેષતા. મનનું દુઃખ કોને કહેવાય તે તમે આ માસમાં અનુભવી શકશો. ચકડોળનો એક હિસ્સો થોડીવાર પહેલાં ઉપર હોય છે તે થોડીવાર પછી નીચે હોય છે. આવી ચડ ઊતરનો અનુભવ તમને આ માસમાં થશે. તમે મંગળની રાશિના છો એટલે તમે સમજી લો કે તમે ઘણું બધું જાણો છો. આ જાણકારીને સમજદારીમાં ફેરવી નાખવાનો સમય એટલે આ માસનો સમય. મન ઉપરનો સંયમ એ આ માસનો તકાદો છે. ઊતાવળ કરીને નીરાંતે પસ્તાવાની ભૂલ ન થાય તે ખાસ યાદ રાખવું. ટૂંકમાં, ચેતતા નર સદા સુખી.

**વૃષભ** રોકાયેલાં કામો થાળે પડવાનાં શરૂ થાય ત્યારે કેવી હાશ થાય? આવા હાશકારા માટે તૈયાર રહો અને પછી સફળતા રોકડી થાય ત્યારે દોસ્તોને પેંડા ખવડાવો. તમારા ગ્રહો તમારી ઉપર મહેરબાન છે. તમને એક નવી કહેવત કહેવી છે : 'ગ્રહો મહેરબાન તો બધા પહેલવાન!' સમજી ગયા ને? અત્યાર સુધી તમે રાખેલી ધીરજનાં મીઠાં ફળ વીણી લેવાનો આ વખત હાથમાંથી સરી જાય તે પહેલાં જ તમારૂં કામ પાર પાડી દો. શુક્ર તમારી રાશિનો સ્વામી છે તે જાણતા હો તો ઠીક, ન જાણતા હો તો નોંધી લો કે આ ચમકદાર ગ્રહ આ માસમાં તમારી માટે લાલ જાજમ બિછાવી રહ્યો છે.

**મિથુન** શેરબજારના ખેલાડી હો તો પ્લીઝ, સ્ટોપ, લૂક એન્ડ ગો! સામેની લાલબત્તી જોયા પછી પણ વાહન ભગાવીએ તો શું થાય ખબર છે ને? ટ્રાફિક પોલીસને ફાયદો થાય! જો તમે શેરબજાર સિવાયના માર્કેટમાં હો તમારી માટે ગ્રીન સિગ્નલ રેડી છે. બુધની આણ તમારી રાશિ ઉપર ચાલે છે અને એ અત્યારે તમને કંઈક આપવા ધારે છે. નોકરીમાં હો તો સાહેબની ખુશીનું ધ્યાન રાખજો. તમારા બૉસને ભરબપોરે આકાશમાં પૂનમનો ચાંદ દેખાતો હોય તો તેમાં તમારૂં અને મારૂં શું બગડી જાય છે!? એ ચાંદની ઠંડકનું બયાન કરો અને તમારૂં પ્રમોશન પાકું કરી લો! શું સમજ્યા?

**કર્ક** 'માળી સીંચે સો ઘડા, ઋતુ આવે ફળ હોય.' જેનું વાવેતર કરી રાખ્યું છે તેને લણવાની ઊતાવળ કરીને ફસલને બગાડવાનું કામ ન કરશો. એ બરાબર પાકે ત્યાં સુધી ખમી જાઓ. કોઠે ટાઢક રાખીને વર્તશો તો આ માસમાં જલસાનો પાક જરૂર લણશો. મીઠાં ફળ ખાવાં જ હોય તો ધીરજ રાખવી જ પડે. તારીખ ૧૨ પછી ઊતાવળે ગાડી ભગાવવામાં વાંધો નહીં, પણ હમણાં તો નવી ગાડી શીખતા હો તે રીતે જ એને ચલાવો. ગુરુનું શુભત્વ ચાલુ જ છે, પરંતુ બીજા ગ્રહોની નાદાનિયત પણ ચાલુ જ છે એ પણ યાદ રાખીને આગળ વધવું. પીળી વાનગીઓ ભાવે છે? તો ખાઓ!

**સિંહ** તમારી બુદ્ધિ અને તમારી રાશિના સ્વામી સૂર્યની તેજસ્વિતા; આ બન્ને ભેગાં થાય તો ફતેહ છે આગે. ધારેલાં કામોને પાર પાડવા માટે તમારે સૂર્ય સિવાય કોઈની મહેરબાનીની જરૂર નથી. મક્કમતા તમારી, મહેરબાની ગ્રહોની. તા. ૭થી તા. ૨૦ સુધીમાં સારા સમાચારોની લાઇન લાગશે. આ સમય છે તમારી આકાંક્ષાઓને પાર પાડવાનો. જશ મેળવવો હોય અને નામના વધારવી હોય તો તમારી માટે આ માસ જેવી અનુકૂળતા ભાગ્યે જ થાય. તમારી કુંડલીમાં ૧૧માનો માલિક જે થતો હોય તેની ઉપાસના કરો. પદ્માવતીજીની ઉપાસના પણ તમને સફળતાની મંજિલે લઈ જઈ શકે.

**કન્યા** બહુ દોડશો તો થાકી જશો. લક્ષ્ય વગરની દોડાદોડી તો આમેય તકલીફ કરે પરંતુ ગણતરી પૂર્વકની દોડાદોડીથી પણ સફળતા દૂર જ રહે ત્યારે સમજી જ લેવું પડે કે ગ્રહો હમણાં બીજી રાશિના લોકોનું ભલું કરવામાં રોકાયેલા છે! ઓછામાં ઓછું ૨૦ તારીખ સુધી તો તમારે સજાગ અને સભાન રહેવું જ જોઈએ. ૨૦મી પછી આશાનાં કિરણો પ્રગટ થતાં દેખાશે. ઠંડા કલેજે દુનિયાદારીના ખેલ જોયા કરવાની સ્વસ્થતા અને ક્ષમતા કેળવશો તો બિનજરૂરી નુકસાનમાંથી બચી જશો. જો તમારી કુંડલીમાં સાતમે રાહુ, મંગળ કે શનિ હોય તો તમે ખૂબ ધીરજથી આગળ વધો.

**તુલા** સ્વાસ્થ્ય અંગેની નવી ફરિયાદોનો સમય આવી રહ્યો છે. ખાવા પીવામાં થોડી સાવધાની રાખવાનો સંકેત ગ્રહો આપી રહ્યા છે. ડૉક્ટરોની તબિયત તમારા પૈસાના ભોગે તગડી ન થાય તે માટે તમારે સાવધાન રહેવું જોઈએ. જો તમે કોઈ વ્યવસાય સાથે સંકળાયેલા હો તો ચકાસી લો કે એ વ્યવસાય કયા ગ્રહના આધિપત્ય નીચે આવે છે. જો તમારા બિઝનેસનો માલિક કોઈ શુભ ગ્રહ હોય તો દિશા સૂંઘીને આગળ વધજો અને એનો માલિક જો કોઈ અશુભ ગ્રહ હોય તો લાંબાં આયોજનો માંડી વાળજો. સર્વિસ કરનારા લોકો બૉસની ખફગીનો ભોગ ન બને તે માટે સજાગ રહે.

**વૃશ્ચિક** તમારા મનની અકળામણો ઓછી થાય તેવા શુભ સંકેતો તમારી માટે આવી રહ્યા છે. રોકાયેલાં કામો થાળે પડતાં જોવાનો આનંદ તમારી જ રાહ જોઈ રહ્યો છે. તમને આશ્ચર્ય તો ત્યારે થશે કે જ્યાં તમે કોઈ આશા નહોતી રાખી ત્યાંથી તમને લાભદાયક સમાચારો કેવી રીતે મળી ગયા! એ જ તો ગ્રહોની ખૂબી છે. રામ ગાદીએ બેસવાના હોય ત્યારે હાથ ઝાલીને વગડામાં રવાના કરે અને ભરતને ભર ઊંઘમાંથી ઊઠાડીને ગાદીએ બેસાડી દે એ જ ગ્રહોનો તાલ! આ મહિનો બરાબર પરસેવો પાડી લો અને આવતા બાર મહિના સુધારી નાખો. કરો કંકુના અને વધો આગળ!

**ધનુ** ગુરુની તમારી ઉપરની મહેરબાની હજી ચાલુ જ છે. સંતાનની અદમ્ય કામનાથી મનોમન દુઃખી થતા હો તો સમજી લો કે સારા સમાચારો દરવાજા બહાર તમારી પ્રતીક્ષા કરી રહ્યા છે. નવા મેમ્બરના પહેલા રુદનથી તમારૂં ઘર ભરાઈ જાય એ સમય હવે દૂર નથી. આ મહિનો તમારી માટે ઘણી રીતે યાદગાર બની રહેનાર છે. તારીખ ૨૦મી પછી જે કરો તે જોઈ વિચારીને કરજો. નખરાળા ગ્રહો દરવખતે કંઈ સરખી રીતે તો ન જ વર્તે ને! ગ્રહોના પવન પ્રમાણે દિશા ચકાસી લેવી. સામી હવાએ ચાલવાનો શોખ હોય તો જૂદી વાત છે, બાકી ૨૦મી પછી તો ચેતીને ચાલવામાં જ મજા!

**મકર** ગરજવાન સાથીદારોની ગડબડના આઘાતમાંથી બહાર આવી ગયા હો તો હવે કામે લાગી જવું એ જ તમારી માટે સોનાનો સૂરજ સાબિત થશે. દુનિયાદારીના કડવા મીઠા અનુભવો તમારી માટે શિક્ષક બની શકે, જો એવી દૃષ્ટિ કેળવી લીધી હોય તો. તમારી રાશિનો માલિક શનિ ન ધારેલાં કામો કરવા માટે જગમશહૂર છે. પણ એક વાત એ પણ યાદ રાખજો કે શનિ દેતા હૈ તબ છપ્પર ફાડકે દેતા હૈ. એ છાપરૂં ફાડીને આપવા તૈયાર હોય ત્યારે તમારે પણ તે મેળવવા માટે યોગ્ય બનવું જ પડે. તો લાગી જાવ કામે અને મેળવી લો મીઠાં મધુરાં ફળ. ચાલતા રહો, જરૂર પહોંચશો.

**કુંભ** મહિનાની શરૂઆત આકરી તો લાગશે પણ પછીથી જ્યારે સ્થિતિ સુધરતી જણાશે ત્યારે આનંદનો ફાલ ઊતારવાની મજા પણ મેળવશો. તમારી રાશિ કુંભ છે, જો તમારૂં લગ્ન પણ કુંભ જ હોય તો સમજી લો કે તમે નામ કમાવવા માટે જન્મ્યા છો. કુંભ લગ્નકા પૂત, હોવે બડા સપૂત. નામ પણ થાય અને દામ પણ થાય. તમારી રાશિની બરાબર સામે જો સિંહનો સૂર્ય હોય તો સમજી લો કે તમારાં કામો પાર પાડવા માટે તમારે નહીં, તમારા ગ્રહોએ જ મહેનત કરવાની છે. તમે નિરાંતે તળાઈમાં સૂઈ જાઓ છતાં તમારાં કામો થયાં જ કરે એ કંઈ જેવું તેવું સૌભાગ્ય છે?

**મીન** કસોટીઓના કપરા કાળમાંથી હવે તમે બહાર આવી રહ્યા છો. આ સમય છે આગળ વધવાનો, સફળ થવાનો અને પાર ઊતરવાનો. ગુરુ તમારી રાશિનો અમલદાર છે અને એ અત્યારે તમારી માટે બધું કરી છૂટવા તૈયાર છે. જીવનની કેટલીક સુવર્ણપળો તમે આ માસમાં અનુભવશો. જે તમને આખી જિંદગી મધુર યાદો વાગોળવાની તક ઊભી કરી આપશે. તમે સફેદ અને પીળા રંગ સાથે સંકળાયેલી વસ્તુઓના વેપારી હો, તો તમારી માટે લક્ષ્મી ચાંદલો કરવા હાજર છે. આદિનાથ ભગવાનની આરાધના જો કરો તો સોનામાં સુગંધ ભળશે. અને સુગંધી સોનું તો કોને નથી ગમતું?

## પ્રતિભાવ

આપના તંત્રીસ્થાનેથી લખેલા લેખો વાંચી અતિ આનંદ થયો છે. આપે જૈન સમાજમાં ચાલી રહેલી ત્રુટિઓ જેવી કે સાધુસંસ્થા, ટ્રસ્ટીમંડળ તથા જૈન સમાજની નેતાગીરીને પારદર્શક રીતે વર્ણવી છે તે એક નીડર પત્રકાર તરીકેની ફરજ બજાવી છે. જૈન ધર્મમાં વ્યાપેલા સડારૂપ કેન્સર માટે ડૉક્ટર બનશો તો જૈન શાસન માટે સુંદર કાર્ય કર્યું કહેવાશે.... તમારી તલવારની ધાર જેવી કલમ સમાજને સુધારવામાં ઘણી ઉપયોગી બનશે. '*જય જિનેન્દ્ર*' જેવાં પ્રકાશનો જો નિયમિત ચાલુ રહેશે તો સમાજને સાચો વળાંક આપશે એ નિઃશંક છે.

**શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ** વતી
**જયંતીલાલ એમ. શાહ, જિતેન્દ્ર વીરવાડિયા.** મંત્રીઓ
(લેમિંગ્ટન રોડ, મુંબઈ)

'*જય જિનેન્દ્ર*'માં જૈનો ધાર્મિક લઘુમતી છે કે નહીં તે અંગેની ચર્ચા (ઑગસ્ટ, ૨૦૦૨) ખૂબ સ્વસ્થ રહી. વર્તમાનમાં નીકળતા કોઈ પણ જૈન મેગેઝીનમાં આવી જાહેર ચર્ચા જોવા નથી મળી. જૈનોને સ્પર્શતા મુદ્દાઓ અંગે સમાજમાં જાગૃતિ લાવવા આવા અનેક મુદ્દઓ ચર્ચવાની જરૂર લાગે છે, જેમ કે, જૈન ધર્મમાં પૈસાનું વધેલું ચલણ, જૈન સાધુઓમાં પેઠેલી સેંકડો વિકૃતિઓ, તીર્થોના પ્રશ્નો વગેરે. ભવિષ્યમાં આવી કોઈ ચર્ચા ઉપસ્થિત કરો તો મારે તેમાં હોંશે હોંશે ભાગ લેવાની અને મારા વિચારો રજૂ કરવાની ઇચ્છા છે.

**નરેશભાઈ વોરા** (વાસણા, અમદાવાદ)

'*જય જિનેન્દ્ર*'માં ધાર્મિક લઘુમતી અંગેની જોરદાર ચર્ચા વાંચીને મન 'ફિદા ફિદા' થઈ ગયું. તંત્રીલેખો વાંચીને તો મારી નસેનસમાં ગરમાગરમ લોહી વહેવા લાગે છે. ભવિષ્યમાં ક્યારેય આપની કલમને મોળી ન પડવા દેશો. આ તંત્રીલેખો કોણ લખે છે?

**પન્નાલાલ ગિરધરલાલ** (પાલડી, અમદાવાદ)

**ધાર્મિક** લઘુમતી અંગેની ચર્ચાએ રંગ રાખ્યો. તેમાં ભાગ ન લઈ શકવાનો અફસોસ રહી ગયો. મને એમ હતું કે આમાં કોણ પડશે! પણ તમે બન્ને પક્ષોના ઢગલાબંધ પત્રો છાપીને તમારી તટસ્થતા અને નિર્ભીકતાનાં દર્શન કરાવ્યાં. ધન્યવાદ. પહેલા પાના ઉપરના લેખો એસીડમાં કલમ બોળીને લખો છો કે શું?

**કામિની મણિયાર** (પાર્લા, મુંબઈ)

## ઘટમાળ

★ **પૂ**જ્યપાદ મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની નિશ્રામાં ભારતી સોસાયટી, એલીસ બ્રીજ, અમદાવાદ ખાતે ગત ૧, સપ્ટેમ્બરના શુભ દિવસે ભગવતી પદ્માવતીના પૂજન હવન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ ભક્ત શ્રી સંજયભાઈ રાવલ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી નીતાબેનની ભાવભરી વિનંતીને માન આપીને તેમની લાડકી સુપુત્રી માનસીના જન્મદિવસ નિમિત્તે યોજાયેલા આ પૂજનમાં જૈનો અને અજૈનો સહિત સેંકડો ભાવિકો ઉપસ્થિત રહીને ભાવવિભોર બન્યા હતા. શ્રી સંજયભાઈ અને તેમના પરિવારે આમંત્રિત મહેમાનોની ખડા પગે સેવા બજાવી હતી.

## કૉકટેલ

**બોધપાઠ**

એકવાર તો ભારે થઈ.
એક દેખીતો ચારિત્રશીલ સાધુ મરીને નરકે ગયો અને એક વેશ્યા મરીને સ્વર્ગે ગઈ.
શિષ્યના સમાધાન માટે જ્ઞાની ગુરુએ ખુલાસો કર્યો :
સાધુ રોજ વેશ્યાની નિંદા કરતો હતો. વેશ્યા રોજ સાધુની સાધુતાના ગુણ ગાતી હતી.
સાધુએ નિંદા કરીને પોતાના અહંને પંપાળ્યો. વેશ્યાએ પોતાનાં પાપોની નિંદા કરીને સાધુતાની સ્તવના કરી.
પરિણામ એ જ આવ્યું, જે આવવું જોઈતું હતું.

●

**સ્પંદન**

પંખી નથી તોય ઊડવું પડે છે, એક તૂટેલું પાન છીએ એટલે... *(કવિ રમેશ પારેખ)*

●

**ના હોય!**

ઉપાશ્રય એટલે એવું સ્થાન, જ્યાં મહાવીરસ્વામી પણ વિહાર કરીને આવે તો લોકો પૂછે : *''કેટલા ઠાણા છો?''*

### अहो कार्टुनम् !



*'આજે તો વ્યાખ્યાનમાં બહુ મજા આવી ગઈ!'*
*'કેમ, બહુ જોરદાર વ્યાખ્યાન હતું?'*
*'એમ તો નહીં, પણ બારી પાસે બેસવા મળ્યું ત્યાં એવી સરસ હવા આવતી હતી કે મસ્ત ઊંઘ આવી ગઈ!'*



---

**જય જિનેન્દ્રના વાચકો માટે હરખના સમાચાર...**
**આવતા અંકથી જય જિનેન્દ્ર વિસ્તરે છે... હવે પછી ચારના બદલે આઠ પાનાં**

**અમારે કંઈક કહેવું છે...** ● જૈન શાસનના સળગતા પ્રશ્નો અંગે વાચકોની વ્યથાને વાચા આપતો વિભાગ : ''**અમારે કંઈક કહેવું છે...**'' આ વિભાગ માટે વાચકો પોતાની વ્યથા મુદ્દાસર, ઓછા શબ્દોમાં લખી મોકલે... જૈન શાસનની સળગતી સમસ્યાઓ ઉપર ધ્યાન નહીં આપીએ તો આપણે સંઘ અને શાસનના ગુનેગાર ગણાઈશું.

**જિજ્ઞાસા** ● શાસ્ત્રીય પ્રશ્નોનું શાસ્ત્રીય સમાધાન : પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની કલમે.

**અવતરણ** ● વિવિધ ગ્રંથોમાંથી ચૂંટી કાઢેલી જ્ઞાની ગુરુઓ, ખ્યાતનામ ચિંતકો અને અનુભવી વિચારકોની શાતાદાયક અમૃતવાણી.

---


## જય જિનેન્દ્ર

*જય જિનેન્દ્ર*નું પંચવર્ષીય લવાજમ ભરો અને જીતો સોના ચાંદીનાં ઇનામો ● સભ્યપદની સાથે જ મેળવો ભગવતી પદ્માવતી માતાનો એકસો આઠ ફણા સાથેનો રંગીન ફોટો ● વધુ વિગતો માટે નીચેના સરનામે જવાબી કવર મોકલો : *જય જિનેન્દ્ર*, પોસ્ટ બોક્સ નં. ૧૫૦૦૮, આંબાવાડી, અમદાવાદ ● અથવા આ એડ્રેસ ઉપર ઇ-મેઇલ કરો : jayjinendra@jainshasan.com. પાંચ વરસનું લવાજમ ૫૦૦ રૂપિયા. સ્કીમ વગર એક વર્ષનું લવાજમ ૧૦૦ રૂપિયા. આવતા અંકથી *જય જિનેન્દ્ર*માં નવા વિભાગો શરૂ થઈ રહ્યા છે. વાચકો પોતાની કોપીની વ્યવસ્થા કરી લે...



સંપાદક નિર્વેદ આચાર્ય, ૬૮ નિહારિકા બંગલોઝ, આંબાવાડી, અમદાવાદ દ્વારા પ્રકાશિત અને દીપશિખા પ્રિન્ટર્સ, અમદાવાદ દ્વારા મુદ્રિત
પત્રવ્યવહાર : *જય જિનેન્દ્ર* પોસ્ટ બોક્સ નં. ૧૫૦૦૮, આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫
E-Mail : jayjinendra@jainshasan.com